# [illegible] નાટકનાં ગાયનો.

[illegible]

[illegible]

[illegible]

રચીને

[illegible]

[illegible] નાટક [illegible]

આવૃત્તી પહેલી પ્રત ૧૦૦૦

અમદાવાદ

[illegible]

[illegible]

[illegible]

સંવત ૧૯[illegible]

[illegible]

[illegible]

[illegible]

કીંમત બે આના.

૬૯૨૨

# શૈલબાળા નાટકનો ટુંક સાર.

## અંક ૧ લો.

૧ **સુત્રધાર તથા નટી**—ઇશ્વર સ્તુતી કરે છે.

૨ **જયચંદ રાઠોડ**—પોતાના કાકા તેજસીંહને કેટલાક હલકા માણુસની સોબતથી દેશ નીકાલ કરે છે નીમક હલાલ સુધા-કર બોધ આપી તેમ ન કરવા સુચવે છે.

૩ **સમરસિંહની કચેરી**—સમરસિંહનો નાનો કુંવર કર્ણ સિંહ ખોવાઈ જવાથી દીલગીર થઇ ઇશ્વર સ્મરણ કરતો નજરે પડે છે. એવામાં દિલ્હીપતિ પૃથુરાજનો પત્ર આવતા વડીલ પુત્ર કલ્યાણસિંહને સાથે લઇ દિલ્હી તરફ પ્રયાણ કરે છે.

૪ **તેજસિંહ**—પોતાના ભત્રીજા જયચંદે વગર બિચારે આપેલ તીરસ્કારથી અત્યંત દીલગીર થાય છે અને પોતાની પુત્રી શૈલબાળાને લઇ સન્યાસી બની જંગલમાં ચાલી નીકળે છે.

૫ **દિલ્હીમાં બધી રૈયતનો કોલાહલ**—દિલ્હી પતી પૃથુરાજ ચહુઆણ અને કનોજપતિ જયચંદ રાઠોડને એ બંનેના સાથે લડાઇ થવાની છે એવું સાંભળતાં રૈયતનો પોકાર.

૬ **ઉષાવતિ**—પૃથુરાજ ચહુઆણની કુમારી ઉષાવતી ઉપર પ્રધાન પુત્ર વિજય કામાંધબની પોતાની ઇચ્છા પાર પાડવાનું કહેતાં વિજયના ઉપર ઉષાવતિ ક્રોધે ભરાઈ તીરસ્કાર આપે છે.

૭ **શાહબુદીન ગોરીના સરદારો**—પૃથુરાજ ચહુઆણ

ઉપર ઘણી લડાઈઓ કરી છતાં જીત નહિ પામ્યા તે બાબતનો વિચાર.

૮ **કલ્યાણસિંહ**—પોતાના મામા પૃથુરાજની સાથે રહી જયચંદ રાઠોડની સામે થતાં યુદ્ધમાં કલ્યાણસિંહનું ઉતરવું.

૯ **પર્ણકુટીનો સીન**—સમરસિંહનો કુમાર કરણસિંહ ગાંડી દાસીને લીધે યમુના નદીમાં તણાઈ ગયો હતો તે એક અરણ્યવાસી મહાત્મા સુખાનંદ સ્વામીને ત્યાં ઉછરી બાર વર્ષની વય માં દિલીપસિંહના નામથી ગુરૂની આજ્ઞા સાંભળતો નજરે પડે છે ગુરૂ અતિથીનો સત્કાર કરવાનું કહી આશ્રમમાં જાય છે એવામાં નાશી છુટેલા તેજસિંહ પોતાની પુત્રી શૈલબાળા સાથે આશ્રમમાં આવે છે દિલીપસિંહ તેની વિનયથી આગતા સ્વાગતા કરે છે સુખાનંદ તેજસિંહને જમવા તેડી જાય છે સાથે શૈલબાળાને જમવાનું કહેતાં તે દિલીપની સાથે જમીશ એવું કહે છે એટલે અતીથી લઇ સુખાનંદ પર્ણ કુટીમાં જાય છે. પાછળથી આશ્રમના ઝાડને પાણી પાવામાં શૈલ દિલીપને મદદ કરે છે પરસ્પર પ્રેમ ભાવ ઉત્પન થઇ બંને એક બીજાના અંતઃકરણને પવિત્ર નજરે જુવે છે એવામાં જયચંદની સાથે દિલ્લીપતીને લડાઈ થવાની છે એવું તેજસિંહના જાણવામાં આવતાં તે ખરો ક્ષત્રી પુત્ર હોઇ આપેલ અપમાન નહિં વિચારતાં જયચંદની મદદે શૈલને લઇને જાય છે.

૧૦ **ચંદ કવિની બહેન ગુલાબ**—પ્રધાન પુત્ર વિજય રુપાના ધીટકારથી તેનો બદલો વાળવા વિચાર કરે છે તેવામાં ગુલાબ આવી તેને સમજાવે છે કારણ કે વિજયના ઉપર મોહીત છે તેથી.

૧૧ **મખડ—સોનીનું વૃતાંત.**

૧૨ **પૃથુરાજ ચહુઆણ—**કનોજપતિની સાથે લડાઇ કરી તેને હરાવી દિલ્લી તરફ પ્રયાણ કરતો નજરે પડે છે અને કવિચંદને રણસંગ્રામમાં પોતાના કોઇ આપ્ત વર્ગમાના મરાયા હોય તેને અગ્નિ સંસકાર ક્રીયા કરવા જવા કહે છે.

૧૩ **રણક્ષેત્રનો દેખાવ—**દિલ્લેશ્વરની સાથે કનોજપતીને થયેલી લડાઇનો આ બેહુબ ચિતાર એ લડાઇમાં તેજસિંહ જયચંદને મદદ કરતાં જયચંદના નીચ માણુસોના હાથથી મરાય છે તેજસિંહ લડાઇમાં ઉતરતી વખતે પોતાની પુત્રી શૈલબાળાને રણક્ષેત્રની પાસેની એક ટેકરીપર રાખી જાય છે પિતાને બહુવાર થવાથી શૈલ રણક્ષેત્રમાં તપાસે છે તેજસિંહ મર્ણ પામેલા નજરે પડે છે તેથી હૃદય ભેદક વિલાપ કરે છે તેવામાં કવિચંદ રણભુમીમાં તપાસતાં શૈલબાળા નજરે પડે છે રડવાનું કારણ પુછતાં તેજસિંહનો વૃતાંત સાંભળી દીલગીર થઇ શૈલબાળાને પોતાની પુત્રી ગણી અજમેર લઈ જાય છે.

## અંક બીજો.

૧ **અજમેરમાં કવિચંદનો મેહેલ** કવિચંદની સ્ત્રી પ્રભાવતી શૈલબાળાને રાજી રાખવા પ્રયત્ન કરે છે શૈલ પ્રભાવતીને ગમત આપવા ગરબી ગાય છે કવિચંદનું પૃથુરાજના પત્રથી દિલ્લી તરફ પ્રયાણ.

૨ પૃથુરાજ ચહુઆણના પ્રધાન અમરસિંહ—પાપી વિજયની સાથે ગુલાબનો સબંધ થયો છે છતાં તે પ્રસંદ નહિ કરતાં ઉષાવતિને શી રીતે ફસાવવી તે બાબત ગુલાબને ફોસલાવી કાતરૂં કરવા કહે છે પણ પવિત્ર ગુલાબ પોતાના માલીકનું ખરાબ કરવા મના કરી તીરસ્કાર કરી જાય છે પાછળથી પ્રધાન અમરસિંહ પોતાનો પુત્ર વિજય દિલ્લીપતિનું નીમક હરામ કરવા તૈયાર થયો છે એમ સમજી ઘણોજ ફીટકાર આપે છે.

૩ દિલીપસિંહ—સુખાનંદ સ્વામીના મૃત્યુથી દિલિપસિંહ અફસોસ કરતાં કવિચંદની નજરે પડે છે કવિચંદ તેને કોઇ ઉંચા ક્ષત્રી કુળનો સમજી પત્ર આપી દિલ્લેશ્વર પાસે દિલીપને મોકલે છે.

૪ ઉષાવતિનો બાગ—કલ્યાણસિંહના અને ઉષાવતિના લગ્ન થયાં તેથી આનંદ પામી ગુલાબ પોતાના જેની સાથે લગ્ન થવાનાં છે તેની બાબતનો વિચાર કરતાં જગતમાં અન્યને નહિ પરણતાં બ્રહ્મચર્ય વ્રતપાળી રહેવું પણ વિજય સિવાય બીજાને પ્રીતિ પાત્ર કરવો નહિ એવી દ્રઢ પ્રતીજ્ઞા કરે છે કલ્યાણસિંહને ઉષાવતિનું પરસ્પર આનંદ યુકત વર્તન.

૫ અઘડ સોનીનું વૃતાંત—

૬ પૃથુરાજની કચેરી—દિલીપસિંહનું કવિચંદના પત્રથી સેનાપતિ પદમાં દાખલ થવું શાહબુદીન ગોરીની પાસે કવિચંદ સલાહ કરવા જતાં પકડાઇ કેદ થવાના સમાચાર દિલ્લેશ્વરને કાને પડતા તેને છોડાવવા દિલીપસિંહના આગ્રહથી તેને મોકલે છે.

૭ **જયચંદ**—પોતાના કાકા તેજસિંહને વગર વાંકે માધવસિંહ મેઘસિંહના ભરમાવ્યાથી કાઢી મુકેલ છતાં દિલ્લીશ્વરની સાથે થતી લડાઇમાં તેજસિંહે મદદ કરેલ અને તેને દગાખોર માધવસિંહ મેઘસિંહે મારી નાખેલ એવા પકા સમાચાર સુધાકરના આપવાથી માધવસિંહ મેઘસિંહનું કવતરૂ જાણી તે બંનેને ગરદન મારવાનું કહી અફસોસ કરે છે તેને સુધાકર શાંત કરે છે.

૮ **તળાવનોસીન**—કવિચંદ કેદ પકડાયા એવું સાંભળી પ્રતાવતી અને શૈલબાળા તેને છોડાવવા પુરૂષને વેષે હથીયાર સજી નીકળે છે રસ્તે શ્રમ બહુ પડતા ગુફામાં કપડાં ઉતારી સ્નાન કરે છે એવામાં દિલીપસિંહ કવિચંદના છુટકારા અર્થે ગોરીની છાવણી તરફ જતાં ત્યાં શ્રમથી સુઇ જાય છે શૈલબાળા સ્નાન કરી બહાર નીકળતાં પોતાના પ્રેમીના શબ્દ સાંભળતાં વિહ્વલબની તપાસ કરી ખાત્રી કરે છે અને તેને જાગૃત કરી પરસ્પર સુખ દુઃખ વૃતાંત સાંભળી દિલીપસિંહ પોતાના માલીક કવિચંદની સ્ત્રીને તથા પોતાની પ્રીયતમા શૈલને દિલ્લી તરફ વીદાય કરી ગોરીની છાવણી તરફ નીકળી જાય છે વચેમાં જયચંદની આજ્ઞાથી સુધાકર શૈલબાળાની શોધ કરતાં તળાવમાં નાવાની ગમત કરે છે.

૯ **વિજય**—કવિચંદને છોડાવવા દિલીપસિંહને મોકલેલ પણ સમાચાર નહીં આવતાં અધીર બની દીલ્લેશ્વરે વિજયને કેટલુંક લશ્કર આપી મોકલેલ પણ નીમક હરામી વિજય તેનો અનાદર કરી અમુક જગ્યાએ પડાવ નાંખી કલ્યાણસિંહનું કાવતરૂં કરવા નીશ્ચય કરે છે.

૧૦ **કવિચંદનો છુટકારો**—શાહબુદીનગોરીની છાવણીમાથી કવિચંદને દિલીપસિંહ યુક્તિથી છોડાવી લાવે છે.

૧૧ **કલ્યાણસિંહનું પ્રયાણ**—કવિચંદના છુટકારા અર્થે દિલીપ તથા વિજય બંનેને મોકલેલ છતાં કંઇ સમાચાર નહીં મળવાથી અધીરા બની કલ્યાણસિંહને પણ મોકલે છે તે બાબત કુમારતિના પ.સે તેનું રજા લેવા આવવું.

---

## અંક ત્રીજો.

૧ **કલ્યાણસિંહનુ કાવતરૂં**—નિમકહરામ વિજય પોતાના દુષ્ટ વિચારથી કલ્યાણસિંહને મારી નાંખવા પ્રયત્ન કરે છે પણ દિલીપસિંહના જાણવાથી છુપાઇ વિજયને ઘાયલ કરી કલ્યાણને બચાવે છે વિજય નાશી જાય છે કલ્યાણસિંહ દિલીપનો ઉપકાર માને છે. કલ્યાણસિંહને દિલ્લી રવાને કરી વિજયની પાછળ દીલીપ પડે છે.

૨ **કવિચંદને પ્રભાવતિ** કલ્યાણસિંહ વિજયસિંહ સંબંધી બાબત કવિચંદને કહે છે તેથી કવિચંદ પણ પોતાની હકીકત કલ્યાણસિંહને કહે છે બંને જણ દિલીપના વખાણ કરે છે શૈલબાળા પોતાના થનાર પતિની પ્રસંસા સાંભળીહર્ષ પામે છે.

૩ **પાપીવિજયની બુરી મતલબ**—પોતે એક કાર્યમાં નહિં ફાવ્યો તેથી શાહબુદીન ગોરીને મળી દિલ્લેશ્વરને ખરાબ કરવા તત્પર થવું.

૪ **શાહાબુદીન ગોરીની છાવણી**—ફકીરને વેષે દિલીપસિંહનું શાહબુદીન ગોરીની છાવણીમાં આવી જોતાં નિમકહરામી વિજય ગોરીને દિલ્લેશ્વરને પાયમાલ કરવાસંબંધી સમજાવે છે તે

સાંભળી અત્યંત દિલગીર થાય છે તેવામાં શાહબુદ્દિન ગોરી તે પાપીને ગરદન મારવા હુકમ કરે છે તેનું કારણ એ કે આજ પોતાના માલીકનું ખરાબ કરે છે તો કાલ મારૂં કરશે માટેજ પાપીનો વિનાશ થતાં દિલીપસિંહ ફકીરવેષે ગોરીને મળી કહે છે કે આ વખતે તમારો જય નહિ થાય માટે તમો અફગાનીસ્તાન ચાલ્યા જાઓ ગોરી ફકીરનું વચન સાચુંજ માની પોતાના લસ્કરસહિત અફગાનીસ્તાન ચાલ્યો જાય છે તેથી દિલીપ આનંદ થતો ધારેલું કામ સીધ કરી દિલ્લી તરફ ચાલી નીકળે છે.

૫ ઉપાવતિને કલ્યાણ—ચંડાલ વિજયનું કાવતરૂં પરસ્પર પની પત્નીને જણાતા અફસોસ કરે છે કલ્યાણસિંહ ગુલાબને ધન્યવાદ આપે છે બાદ કલ્યાણસિંહ ઉપાવતી પાસેથી રજા લઇ દિલ્લેશ્વર પાસે જાય છે.

૬ મધડ સોનીનું વૃતાંત.—

૭ કરણસિંહનું પ્રગટ થવું—કવિચંદ તથા કલ્યાણસિંહને બચાવ્યા એવું સાંભળી પૃથુરાજ દિલીપના વખાણ કરે છે ત્યા મહારાણા સમરસિંહને પુછતાં એ કોણ હશે તે જાણવા માગે છે પરંતુ કવિચંદના કહેવાથી તેણે ( દીલીપસિંહે ) પોતાના અસલના કપડાની ગાંસડી સાચવી રાખી છે તે આવશે એટલે આપણે તેની સમક્ષ જોસું એવામાં દિલીપસિંહ આવી વિજયની તમામ હકીકત કહે છે તેથી તમામ લોકો તેના મરવાથી રાજી થાય છે ને પ્રધાનને શાંત્ત કરે છે દિલીપસિંહના અસલના કપડાં જોતાં કરણસિંહ મહારાણા સમરસિંહનો પુત્ર માલુમ પડવાથી આનંદ

વરતાઇ રહે છે કવિચંદ શૈલબાળાના લગ્ન કરણુસિંહની સાથે કર વાનું કહેતાં તેનુ વચન માની દિલ્લેશ્વર તથા મહારાણા સમરસિંહ કવિચંદને માન આપવા અજમેર જાય છે.

૮ મહારાણી સંયુકતા—અજમેરમાં ઉપાવતિ પાસે કરણુ સિંહ તથા કલ્યાણુસિંહ મલવા આવે છે ભાભાપ્રત્યે કરણુસિંહ નો પુત્ર ભાત્ર તથા આનંદ યુકત વર્તન શૈલબાળાને લગ્ન સમાંરંભમાં તૈયાર કરવા મહારાણી સંયોકતા વગેરે આવે છે ને શૈલબાંળાને શણુગારવું

૯ કરણુસિંહ—શૈલબ.ળાને કરણુસિંહના લગ્ન થવાથી આનંદ પરસ્પર સ્નેહ ભાવ.

૧૦ અજમેરમાં કવિચંદને ઘેર લગ્નમંડપ—શૈલબાળા અને કરણુસિહના કવિચંદને હાથે થતાં લગ્ન આનંદ ઉત્સવની સાથે ખેલતું સમાપ્ત થતું.

# શૈલબાળા નાટકનાં ગાયનો.

## અંક ૧ લો.

૧.

જય જય હે વિભુ કરતા ભરતા સંહરતા આ વિશ્વ સુધારક;
જન પ્રતિ પાલક અગમ્ય છો અવિનાશી.
દેવા શેવા કરવા તારી. આપો મતિ અમ પાપો કાપી;
બુદ્ધિ દ્યો સુખરાશી.
ઉદેપૂરનો વિર ફુટાયો, કર્મ યોગથી અતિ પીડાયો;
કોઇ મહર્ષિથી ઉગરાયો, જ્યાં અગાડી પીડા ટળી.
શોભા ફુલી સતિ મળી, વિયોગનાં દિન ગયાં;
સુખી થયાં હળ્યાં મળ્યાં, કિર્તી અખંડ પ્રકાશી.

૨.

મુરખ નર મળીયા અરે, પલટી સહુ રાજબાજી. (૨)
કુકર્મ કરતા અંધ બનીને, સાચાપર ઉઠે સહુ ગાજી;
ભોળા ભુપતિને ભંભેરી, કરતા હાજી હાજી મળી સહુ.
નેત્ર વિના નૃપતિ વિદ્યા હીણુ, ખુશામતે થાયે બહુ રાજી;
પણ ભોગવવું ભોગવી લ્યો. થોડા દિ બચાજી છો તમે.

૩.

તાના દેરના દેરના દેરના તનન;
તનન દીમ તનન દીમ તદારે.

નીત્રામ તદારે દાની, તુમ દર દાની તીરકીટ ત્રામ;
તીરીકીટ ત્રામ તીરીકીટ ત્રામ. તનનનનનનન.
ત્રીકટ ત્રીકટ ધા કીડી ધુમ કીટ ધા;
ધાકીટ ધાધા ધાત્રીન કીટધા, ધા—ધા—ધા.

૪.

મન છાંડતું અજ્ઞાન બન ન ભૂલવું નહીં,
એક પ્યાર અલખતાર, મહીં રાખવો સહી.
વસ્તુ ખરી શી જાણવાની, જગતમાં કહી;
તે જાણીને પુરેપુરી, પરમાર્થને ચહી.
રેહો રાય, રંક, એક ઇશ સમજી હે તુહી;
તું વિના વૃથા સહુ, ઉપાધીયો રહી.

૫.

પત્ર લખો દિલ્લી પતિને આજે,
ન મુઝાઓ જરીએ ત્વરીત સંચરીયે.
તરંદ્દ આપની લશ્કર લઇને ખળ નિર્મળ કરવા કાજે.
તૈયાર છીં હુકમ શીર ચડાવી આવારે સૌ.
કરતાર તો કિરતાર છે, તોપણ કહીશું કે;
પાછે પગલે જતુની લાજે.

૬.

મારી સ્વભૂમાકા તુજને માડી  મારા છે ઉલા પ્રણામ;
પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

જુલ્મી અને અન્યાઈ નૃપતિયો કરતા પ્રજા દમન;
તેને તું હે ધરણી માતા, કરતી શીદ વહન.
માતુ મારી છું તારો આભારીરે બલિહારી;
તારી ગંભીરતા ઉપર હવે કરૂં છું પ્રણામ. (૫)

૭

આશી ધાંધલ મચી રહી છે દીલ્લીની મોઝાર.
આવાર હાહાકાર ઠારોઠાર વર્ત્યો છે અપાર. આશી.
નાશા નાશા ભાગા ભાગ થાય છે અથાગ;
જો કે તૈયારી નથી યુધ્ધની તોપણ આરાગ.
સુંથાનારરે આવાર જગદાધાર હે કિરતાર;
પ્રજા સહુ છ, પાંચ ગણી ગઈ બંધ થયો વેપાર.
મળતી નહીં ચીજ લગાર પડી રહ્યો પોકાર. (૪) આશી.

૮.

મ્હે એ પ્યારી પ્રીયેતું પ્રેમ પાન અધરામૃત પાપા;
અરજ ગરજ ઉરધારી હે—પ્યારી.
તુજ મુખ પંકજ પરાગ લેવા ભાન ભુલી (આ) ભ્રમર ભમે છે;
તું તરછોડી શું તરસાવે "ચંદ્ર ચકોર" તણો ચિત ચાહ વિચારી.

૯.

નફ્ટ નિર્લજ થા દૂર દૂર દૂર રેતું ઠગારા શઠ હઠ.
બતાવી બીક શું મને ફસાવી ફાવી જશે;
કાળું મુખ લઈ સું તું આવ્યો અહીં નીચ કામી;
છટ છટ થુથુ હટ હટ તુંતુ, જા જા જા જા.

શાખતું લવારી તારી કોણ હું તું જો વિચારી;
દિલ્લીની ખરાબી ભારી કરી કરૂં પ્યારી મારી.
તુજ મુખ ચુમ્બીશ ત્યારે થશે શાંત જ્વાલ મારી;

૧૦.

અરે વો કહાં જાયગા. (૨)
ફીકર જીકર છાંડો સભી ઉધર ઇધર સટકી છટકી;
પટકી મારો યારો એકદમ ફિજીરસે કલન પાયગા.

૧૧.

ધુમીરણે આરિદલ સંહારૂં મારૂં ઠાર ઠાર ઠાર.
બાહુ મુજ બતાવું ભુમિ મેવાડની દિપાવું જાઉ;
શત્રુને ધુજાવું હું ધરીકર સમશેર આ. ધુમી.
મારી કાપીને ઉથાપો દ્રોહીને આવારે;
જય જય બાલો બોલો દિલ્લીનો વિજય વિજય.

૧૨.

સત્કાર અતીથી કરજે હું જાઉં પુજન અર્થે;
શ્રમીત થયેલા વટેમર્ગુ આવી અહીં વિશ્રામ ચહે.
કરીએ આદર ઉમંગથી શેવા કરવે ચીત ધરજે;
વચન તમારાં પ્યારા પિતાજી ચડાવું માથે લાગે પ્યારાં. (૨)
સદ્ ભાગ્ય ક્યાંથી મારાં કે તમારા શેવે ચરણ આવનારા;
ઓના આ કરજે,

૧૩.

રમણી અહા તું ચીત હરે, સ્તબ્ધ થયો છું ખરે.

ચંપલા મૃગ નયની ગજગામીની હસીત વદની હરખું હું કરે;
રંભા રૂપ.ળી કોને વરીતું ભાગ્યશાળી કરે.
થાશે સફળ આ જીંદગી કરી જો તું મુજ સ.થે વરે. રમણી.

૧૪

સુંદીર કહું તન મન ધન અરપણ,
સજન વદન મોહન આ નયનથી.
નિહાળતાં મુર્તિ આ પ્રદ્યુમન, સુંદીર
વરી ચુકીશું કરી પ્રતિજ્ઞા, સદ્દઢ અંતરથી મુજ વાહાલ
આવ આવ આવ આવ. પ્રાણા ધાર હૈયા હાર,
તું આવાર ધરી પ્યાર, ભેટી સુખ કર મુજ પાણી ગ્રહણ

૧૫

ગર્વથી ગાજે સું ગુમાનરે, આડંબર ધારી.
થાતું મન રંજનકારી, લાગી સુંદર એ પ્યારી;
બોલો શું વાત નકારી, થાશે તેથીજ ખુ વારી.
નહીં નહીં મન રંગમાં, કહી બંગએ બનશે દુઃખ કારી;
વિચારો રાજરે વિવેકથી, એ છે પરનારી.
બાળા શુભ સદ્દ ગુણ ધારી, પરનરથી નહી ડગ નારી.
છોડીશ નહી હું એ પ્યારી, લેવા શકિત છે મારી;
કહું વિચારી નહીં આ સારી, ત્યો દીલ ધારો.
નહી પામો એ, સુંદર પ્યારી. ગર્વથી

૧૬.

સ્ત્રી જાત વળી તો વળી, નહીતો સદા સમજવી અવળી;

નવ શકે તેને કોઇ કળી, જાય તે ગળી સહુને પ્રજળી,
મન એ છળની વીત એ હરતી બે સુમાર તે વારવાર;
કરી બહીર પ્યાર, બહુ રીઝવે નાર, પણ મન વિચાર;
કોઇ અન્ય તણો, ત્યાં રાંડ જાય છે મળી........સ્ત્રી જાત.

૧૭.

શું? કર્યું એમાં નૃપેશ વડુ અમે કામ,
રજક આપ તણું માત્ર, નથી કર્યું હરામ.
પ્રાણ દેહ છોડી જાય પણ ન લજવી નામ;
હાંમ ઉર ધરી પડયા, ત્રુટી સહુ તમામ;
વિજય આપ્યુ. (૪)
સીધો રહીને, દીધો કર જ્યારે, આવી પાયે;
પડયો ત્યારે છોડી દીધો મુદામ.
બળીયા સાથે બાથ બીડતાં, થાયે નહી બહીવાર;
જક કરનાર, ખાયે માર, નહીં મેળવે કિંચીત સાર.
તે ઉરમાં સમજી નિરધાર, ટેક રાખજો હમેશ તમ દરબાર;
કરી રહેજો એક ઠામ............શું કર્યું.

૧૮

પિતાકે નવ દેખુ કોઇ, સમળીઓ ઉડી રહી રોઇ;
રમતપર શું ચડીઓ રાંડો, અહી ભૂડી પિતાજી દેખાડો
અરે સ્થો કલકળાટ માંડયો, સુચવો અશુભ સુંદહાડો;
ચાલ ઉતરી રણમાં જઇશું, ખબર કાહાકુ પિતાય.
પણ કેમ ચીત ગભરાય, અને શું થાય થયું શું હાય;

હશે રણમાપ પિતાની, કાયનું જગરાય.
કે ઘાયલ થઇ પડયા, એ શું કે ચાલી ગયા સ્વર્ગે એ શું;
કે લેવા ફૂલા હાર મુજ માટ, ગયા કોઇ નજીક ગામને હાટ.
જોઈ મેં ઘણી પિતાજી વાટ, ન આવ્યા થાય હવે ઉચાટ:

૧૯

પિતા મુકી ચાલી ગયા, બાળકી તમ નિરાધાર.
કરી દુઃખીયારી પુત્રીને, વલ વલતો આવાર;
આકડ કડતી વીજશી, નાંખી ચાલ્યા શું તાત,
લેશ નહીં તમ વાંક પણ, સર્વે મારો જગ તાત;
શું કરૂં ને કયાં જાઉં હું, સુજ નવ પડતી લગાર.
રાત્રી વીતે ભો લાગે ઘણો, પશુ પંક્ષીનો આહાર પિતા મુકી

૨૦.

ગભરાઇ તે આ સત્ય પડયું, મુજ અંગ ફરકતું નકી નડયું,
કાશ સુચવેલું તુજ ખરૂં પડયું, આ નશીબ નડયું, નકી નશીબ નડયું.
પ્રાણ તું શું કામ રહ્યો છે ઉડી જા.

૨૧.

ચાલ બેટા શેલ આ પ્રાણથી અધીક પ્રીયતું છે બેન;
હૈવે દયા દીલ કંઇ ન આણી.
પિતા ગયા દુઃખમાં રૂંધાણી;
ગભરા નહીં તું પુત્રી શાણી, કરશે મેહેર સુજ પાણી.
આપશે તે સુખ ચેન.
અહીં આવી નિદાન, કાકા પિતા સમાન;

અતિ દુઃખથી નિદાન બચાવી.
પૂર્વે પુન્યે સુદામ, ધરી કાન હું નાદાન;
ભણી પહોંચ્યા છો આવી, આણી મનમાં વહાલ હો બન્ના;
ગણીને બાળ પોતાનું હાલ, રક્ષીઆ રંક ધેન,

## અંક ૨ જો.

૨૨.

ચાલો સખિયો સહુ સાથમાંરે લોલ;
રમિયે શ્રી રાધાવરનો રાસ, કારણ પાસ પીયુ આજ છે રે લોલ.
સરખે પગે તાલી દઈ તાલથીરે લોલ, ગીડ ગીડ છુમ. (૨)
છુમકી રહે ઘુઘરારે લોલ,
શૈલ અને સખી પ્રીય માલતીરે લોલ.
સુભગા સલુણી સખી, વૃંદકે આનંદથીરે લોલ;
સખિ મારી સહુરે નાચો ને પુરીયાને ઠમકે.
ઉર આનંદ બહુરે થાયે, અણુત્રટ વિદ્યુત્રા ધમકે;
સુંદર ચાલ ચાલી વહાલ લાલન રીઝવોરે લોલ.
રાખો તાલ પગની એડીપર, રખે ખુવોરે લોલ;
થાઓ ખ્યાલ કરીને શેવા પતિની શું જુવોરે લોલ.

૨૩

ચંદ્ર સુભટ સુરવીર, પત્ર વાંચી દિલિ વગવું;
મળવું ત્વરીત ઉચિત છે, કારણ થયું ચવન ખળભળવું.

હદપરે લશ્કરથી તરફર ફરે છે છુપો મુઝઈ, અકળાઈ;
ગભરાઇ, લુચાઇ દગો કરે શું કરવું—સત્તર,

૨૪.

કરે ગોરી શાહ ખરાબી નહીં ખામી એક ગામી;
છુપો રહી ક્રુર થઇ ટોળી લઇ અહીં તહીં.
ત્રાસ દઇ ફરે સહી વામી વામી કરે;
દિલેશ્વર એ ખરને હાંકી કરી કરે.
છેક પાય માલ ને એ હાલ છોડે ખ્યાલ;
નહીં બેઠા સુખી વિરામી.
ખુશીથી પધારો પ્યારા પ્રભુજી તમારો ચહું.
જય તમ દારા પ્રાણ ધારા મારારે નમામી;
વળજો વહેલારે સ્વામી,

૨૫

તમે જાવા ઘો ઠાલી એ લત રાખી શાણપત ધરપત મુકો જક
હંસણી હંસ કયમ ત્યાગી ચાહશે કાગ એહ વિચારે. મનમાં.
તનથી મનથી કે ધનથી કે અન્ય સાધનથી;
નહીં પામો ઊષા કહું સત્ય.

૨૬.

બસ ડાહી ન થા લગાર આવાર વિચાર લગાર નથી જો;
દુર જા અહીંથી છટ છટ છટ જોજે કેવિ ધાતું ખ્વાર.
મારી થઇ તું શુ મારૂં ન માને એ શું તારી રાત;
સ્વારથ માટ ઘડો આ ઘાટ જોઇ જોઇ તમ પ્રીત.

કુળ લજાવશો નામ ગુમાવશો ગહો કંઇ સુવિચાર;
રીત એ રીત થઇને તું બોલે ક્રુર છકેલી તું નાર,

૨૭

ગયું સુખ આજ દુઃખીયારો થયો સો ફેર આ કાળો;
જશે કેમ હાય જન્મારો ડુબ્યો દુઃખમાં હું બિચારો.
પિતા દૈવ તેં લઈ લીધા દયા હીન થઇ ઇશ;
નિરાધાર હું એકલો કયાં હવે ફરૂં જગદીશ.
છે તાત નહી કે માત અહીં હું જાત કહી તે ખબર નહીં;
આ વસ્ત્ર દઇ તુજ નામ મહીં તે રેજે યહી બસ આમ કહીં
સોંપાવ્યો પ્રાણુ તમારો.

૨૮.

કોણ હશે સુંદર યુવક આ,
આવે એ વખતે તે ભટકે કેમ અહીં નિસ્તેજ બનીને.
શોક સિંધુમાં ડુબ્યોજ લાગે વળી નિડર પણે ફરે અરણ્ય માંહી
વદન સરસ સુઘડ દીસે કોઇ રાજ પુત્ર એમ શંકા આવે.
તે શકા નિવારણ કરવા પુછું સર્વ હું ધરી નમ્રતા;

૨૯

લઇ તમે (૨) પત્ર આ શુભ રીતે જઇ વંદન કરી આપી દેજો;
રહી તમે (૨) દિલ્લી દરબાર મહીં પછી જેવું હોય તેવું કહેજો.
પૃથુરાજ મહારાજ ભરતમાં ગણાય મહા જ્ઞાનવાન દયાવાન;
ખાનદાન કૃપાવાન
તમ આ શેવકપર તરફ લઇ શુભ સમાચાર મોકલતા રહેજો;

૩૦

પીયુ આવો મદન છબિ ગુણીયલ રંગીલા;
નાથ વિયોગે તન મન બાળયાં બની ગઇ છું હું બે હાલ.
હા પ્રીય પ્યારી જોઇ તારી કૃષ કાય ગભરાઉં હાલ,
આ કોણ શું મારા પ્રાણજીવન (હા મારી વહાલી ).
તોપણ પ્યારા આભારી કીધી છે દરશન આપી વહાલ;

૩૧

પ્યારા ઠગારા ધુતારા મેં જાણયાજી;
આઘા રહો એતો મેં ચાળાઓ જાણ્યાજી.
ઠીક ઠીક હવે આવો (શરમાવો છો શું કામ);
જાણ્યા અજાણ્યા થઇ આવો છો શાણાજી.
જાણ્યું અજાણ્યું શું છે આપે જે નાણ્યું તે.
આલીંગન ઇચ્છું મન વારૂ પધારો હવે એનો મેં જાણ્યાજી;

૩૨.

જગમાં બગડી જેની નાર તેનો વૃથા થયો સંસાર;
લક્ષ્મીના લોભે લલચાઇ સહેજ છુટ આપી મેં અગાઉ.
કુલટા ઉલટા કરી વિચારો બની ખરેખર પગળા;
તને શરમ ન આવી લગાર છે સત કોટી ધિઃકાર.
જુમી તુજ કેમ જીવશે ભાર;
તું ફાવે કે હું ફાવુ તે જો જે તમાસો ખાસો.
હળવે હળવે હાડ ભાંગીને લાલ કરી દઉં વાંસો;

### ૩૩

સાદર કર કર કહાના કો નિહારને દે;
સાદર કરકર ધ્યાન દ્વાર મેં પ્રેમઆરમે દિલ દારમે.
યે ગુન શાલી તંત્ર તાલમેં જન મન રંજન નાગ નથન મન;
કુંજ બિહારી આનંદકારી હે બ્રહ્મચારી ગ્વાલ બાળ વધુ.
હૃદય કમળ બીચ મોહ રૂપ હર્ષિત મન મોહન;
અધર મુરલીધર પિતામ્બર ધર.
વાર વાર મોયે નિહારને દે. સાદર.

### ૩૪.

ચીત ચીંતાંમાં જારી રહેતાં દુઃખની વૃધી થાશે;
ઉદાસી ન રહી ભવસાગરમાં જો તું પ્રભુ ગુણ ગાશે.
ધીરજ તારે દુઃખ આવે સહુ આરે;

### ૩૫

કાગારે કેસે રોઇ તજદીયા પ્રાન;
ઘરકી માયા ઘર મેં છોડી ગાય ભેંસ ઓર ઘોડી.
રોતી નાર પદમણી છોડી છોડી પુત્ર નકી જોડી;
ચાર જણેકી આડ લગાવે ચડે કાષ્ટકી ઘોડી.
જાય ઉતારે નદી કિનારે જેસે ફુંકી ફાગુનકી હોરી;
માત પિતા સુત ભ્રાત સનેહી સંગ ન આવે કોઇ.
કહેત કબીરા સુન ભાઇ સાધુ જીને જોડી ઉને તોડી;

૩૬

મુગટ મણી મોટપ મહારાજા પૃથુરાજ શીરતાજ;
લખીતંગ કવિચંદ મિત્ર હું ખબર લખું છું આજ.
દગા બાજ ગોરીએ દગો કર્યો અને મુજને તો કેદ કર્યો;
મારે છાપો મારી છુટયા પછીજ તૈયારી.
કરવી બાકી નાંખી જાન થકી મારી;

૩૭.

કાનતણા કાચા નૃપથી થઇ હાય હીંદ ખ્વારી રે તારે;
વધારી કુસંપ સંપને વિસારી બની શત્રુપર હાથતણા.
બાજી બેઠા હારી કોઇ ન ચાવે તેમ નાચત. નિરપરાધીને;
કરી દોસીત દુષ્ટ જનોપર બહુ રાચતા સાહસ કરો.
બનતા અવિચારી થઇ હીંદ ખ્વારી;
થયા રખડતા રાજ થકી પણ કુસંપને રાખ્યો છે જારી.
પરતંત્ર બની ને ઠાર ઠાર બહુરાજ બાળ ભોગવતારે લાચારી;

૩૮.

સ્વયંભુ દીન વિનંતી સ્વિકારો ઉમાવર આરે સંકટથી ઉગારે.;
લજા પ્રભુ પાંચાલીની રાખી દયા તમે દમયંતીને દાખી.
જાળ અતિ કષ્ટની તોડી નાંખી;
હું પવિત્ર પુત્રી તમારી આ કઠણ સમય અનુસારી.
માચુ પુરૂષ વેશ હું ધારી સહાય તમે થાજો શ્રી મોરારી;
મને સત્ય આધાર તમારો. સ્વયંભુ.

---

૩૯.

હે મોરે યારા દુનિયા દિવાની દેખાયે;
દિવો લઈ કુવે જઇ પડવા પછી પસ્તાયે.
કરતા ખટપટ થાતા ફટફટ દેખીયે રડાયે;
બળેર્યા બળેરાએ છોડો રડવું ને હસાયે.

૪૦.

રમણી રમણે ચઢી ગઈ ક્યાંરે પ્રીય મારી;
વહાલી ક્યાં હશો મન મુંઝાય પ્રીય વિના ભાળ હું શોધું ક્યાંથરે.
હાય તું ક્યાં વિખુટી પડો;

૪૧.

તુગરારે ભ્રમરારે ભટકે તું દમી;
જવ ગુંજારવ કરી રહો તવ સે રસમાં ખલ ઠરી રહો નવ.
ખાંત ચુમ્બનની હોયજ મનથી તુરત બેઠી લે હસીત વદનથી;
ઉડતો પ્રાણુ લાવ માણુ મન ન આણુ કંઇ રોકાણુ છીત. (૨)

૪૨.

કર્યા ન્યાલ આજે પ્યારી રે;
રસે તું રસિલી છું નવેલી પ્રેમ ઘેલી.
આનંદ ઉભરાય પ્યારી અંતરનાં માંય પ્યારી;
જોઇ તું વ્હાલ પ્યારી શાંતિરે થાય પ્યારી મારીરે.
રંગીલા છો રસિલા છો છબીલા છો પ્રાણાધાર;
સુખકારી થઇ ભારી હા પ્યારી પ્રીય મારી.
વારી વારી રે કર્યા.

૪૩

વહાલા ( ૨ ) વહાલાજી, વેગે ચાલો રંગે રસિયાજી મહાલો.
હાહા મન જોયું પ્યારી, સમજાવું છું સમસ્યા તમારી;
પ્રાણજીવન પામી છોગાલા, જોઇ વદન હર્ષાંતિ તવ બાળા
હરખે હૈડું રૂપાળા.

૪૪

નારશુંના પામું હું પામું હું, પામું હું એજ.
ખચીત કરૂં ખુવાર જો, એ નાર ઉષાન માને આવાર;
પલમા દેખાડું દેખાડું, દેખાડું હું એજ.
રાજ દ્રોહી થાઉં કાંતો, બળી જાઉં સામી ટોળી;
મચાવું મોટી લડાઇ, ઉષા પરણી પછી હું થાઉં ખુશી.
એતો એજ બસ એજ નાર શું,

૪૫

યારો શરબત પીયો, સબકી મઝાહ લીયો.
રસમેં ચકચુર, એ સાબની રહો;
સરબત સબમેં, ખુશી બતાવે, ખલક જગાવે ખુબ.
ખેલ ખીલાવે બહોત, મઝેકા હરદમ યારી અખુટ;
જેસા તેસા સખ્સ હોગા, કરે મોજ નવરંગ.
સરબતકા ગુન બડા કહાવે, બને અંગ નવ રંગ;

૪૬

રહી રદયે તું રમી, વિયોગે બહુ દમી.
કરી જીદંગી સફલ મારી તેં, ઉષા એક જગમાં તું ગમી;

આવી અહીં પોંચુ પ્રીય સત્વર નવા જુની પછી કરો ખબર
આલીંગન તુરત દઈ કામ જ્વર દહી પ્રેમ મય રહી સુખ મય
થઈ પ્રીય રહો અર્ધાંગે

૪૭

જાશો. શુરે પ્યારા, પ્રીતમ, પ્રાણ ધાર.
મુંઝાસો નહીંરે આવી પહોંચીસ હું આવાર;
નાથ નમેરા થયા, વગર સુખી, સમાચાર.
આહારાને મોકલજો, વહેલા, વળજો પ્યારા મળજો;
બહુ સારૂં પ્રીય, સુખ આગાર.

## અંક ૩ જો.

૪૮

પ્રભુ આજે આ બારી.
ધરૂં મુદ મનમાં, અતિરસ તનમાં;
છોડાવી કવિરાજ ચંદને, આનંદે મન મગ્ન રહે.
થો હું કૃતારથ, સીદ્ધ થયે સ્વારથ;
શ્રી હરી કરૂણાં પુર્ણું તમારી.
વિજયી વિચરીયે સર્વ સુખ ધરીયે,

૪૯

આભરી આજ હું, અતિ થયો તાહરો શુરવીર.
નહીં નહીં માનો મારો, કંઇ આભાર ઉપકાર નજમાર;

થાય વાર વળો ઝટ દિલ્લી, વાટે આપ નહીં નહીં.
ભ્રાતા સમતું, આભારી;

૫૦

ચ.લો ચાલો વિજય, પામીયા પામીયા પામીયા.
દુઃખ સહુ વ:મીવાં, સુખ સઉ પામીયાં કિર્તી અનામીયા;
જામી આહેલો આનંદ, સુખ કંદની કામીને શકામીઆ.
આભારી મોરારો હુંછું તમારો કે નાથ છોડાવ્યા એ અર્જ સ્વીકારી;
નવ રહી કાંઈ ખામીઆ, ખામીઆ ખામીઆ.

૫૧

પ્યારી રાજ કાજના કામજ, એવાં થાયે પ્રીયે એવાં થાએ,
કરી મહેર પ્રભુએ બચા રીઓ, નહીં પ્રાણ ગયે સીદ્ધી થાયે.
કદ પડવું પડે રણ લડવું, પડે કદી ઢળવું પડે કે આખડવું પડે;

૫૨

તારી અજબ કૃતિના કળાય પહોંચી ન શકાય,
ન પમાય પારત્રીજી એવો તું અકળ લેખાય લે ખાય.
ચડતી પડતી પ્રાણી માત્ર, શીર રાખી તેં અવીનાસી;
હેવ એક સેવા કરીયે, સ્મરીયે, ધરીયે ધ્યાન તારૂં.
તો તરાય તરાય, તરાય તરાય;

૫૩

તે કેમ વીસરે પ્યારીરે, તમે ભલે કહો.
એ મન હરો સુખ કરી, એ મધુરી મેં સુંદરી જે ધારીરે;
નયન બાણના ઘા વાણીના પ્રાણ જતા તે શે રૂઝાએ;

શાંતી થાશે ક્યારે, આ કાયેજો એ મળી જાયે.
પ્યારી જે, મેં ધારીરે;

૫૪

સખિરી નેન નિહાળી ગિરીધર (૨) દેહ છટા વિસરી. (મુજ)
લોક લજ્જામેં સહુ વિસાર્‌, ભુલી તન શ્રૃંગાર,
રસિયા વિણુ બની બાવરી, જોબન રંગ ભરી.

૫૫

એસે નિમક હરામી કો ક્યોં પેદા કરે અલ્લા,
યે સલ્તનત તેરીમેં, નહો અંગાર હય અલ્લા;
બહેતર હય છસેં જીંદગી ઇસ જહાનમેં અલ્લા,
પર કામ હય બુરા કભીનહો કીસીંભી યા અલ્લા.

૫૬

પ્રભુ આવી ઘડી આપીશ તે જાણ્યું નમે;
મોહ તણે આધીન થયો, તવ મોહ ગયો નવ ક્રોધી થયો.
જેથી લુણુ હરામી થૈ ગયો જેનું આફલ આણ્યું છે,
ખેર જે નીર માણ્યું તે.

૫૭

દુશ્વાર હયયેં જીંદગી, અબ કરના કયા મૌલા;
સબ પ્યાર હો રહે યહાંપર કરના કયા મૌલા.
નહી હમારીથી કભી, પહલે યે હાલત;
પર ગુજરતી બેહાલી હમપેં અબ કયા કરના મૌલા.

૫૮

પીતળ જેવી જોઇ એની પ્રીતડી;
વગર સમજ રહ્યા કરે એહ ટક ટક.
નીચ કૃત્યને સ્વાધીન થાઉં, શું કવિચંદ કુળ નામ ડુબાવું;
એથી પડે દેહ ઢળી પ્રભુ એવું માગે છે આ કાંકરી.

૫૯

આનંદ આનંદ આનંદ આનંદ આનંદ ઉર ઉભરાએ;
મુજ તન મન ધન નિહાળી બહુ દીન શાંતિ ચિત થાએ.
સેશના કરું હું ન્યારા, આંખના છો તારા, પ્યારા મારા,
આભારી કીધી આહારા.
મુજ સકલ સુખ પ્રીય તું હશી વશી મુજ ઉર રસેતું રસિલી
છબિલી પ્રેમદાં.

૬૦

પ્યારા પધારો શીદ મને જખમી કરી,
મારા હૈયાના હાર હવે છોડું ન જરી;
વાલી પ્રભુની મ્હેર હવે પુરણ થઇ,
તું તો સદાની મારો પ્યારા થઇને રહી.
પ્રીતી પાસ નાંખ્યો ખાસ, રસ બસ રસિલા;
કરીમને ઘેલી તમે છલબલ છબીલા,
પ્યારી મારી વાણી તારી બોલે જાણે કોકીલા;
જાઉંવારી, બલિહારી સદાસારી પ્રીય પ્યારી; વાહ...શાહાબાસ.

૬૧

શાને ભમેરે ખાધું કઠીન બને, મનવા ખોટી માયામાં તું શું દને ભમે;
સ્વારથ બાઝીરે મનવાં જામી,જગતમાં નથી પ્રભુ વીણુ તારૂં કોઇ આ સમે
વીત વનિતા મનવા વહાલી વસુધા થઇ નથી કોઇ તે તારી કેમ બને;
માટે તું મનવા મારા ભજ ભરતારણુ, કારણુ જેથી સુભ કાર્યે બ

૬૨

હો મન લાગ્યો મેરો હાલ ફકીરીસેં—હો મન.
ફકીરી અમીરી ગરીબીસેં—હો મન.
ભલી બુરી સબકી સુન લીજે, મત ચલના મગરૂરીસેં;
જો સુખ હે સાંયા રામ ભજનમે, સો સુખ નાહી અમીરીમે.
હાથમે ડમરૂ બગલમેં ઝોલી, તીન ભુવન હય ઝગેરીમેં;
કહત કબીરા સુન ભાઇ સાધુ, સાહેબ મીલેંગા સબુરીસેં.

૬૩

પ્રભુ તુજ માયા, દેવી કેવી તેવી અકળ ભાસે;
મા...નો...તે...નો...આ...ભા...ર...પ્રભુ તુજ માયા.
આનંદથી અમૃત ધારા, સુખકર સારા સંગ મહાર;
અતિ ઉમંગે મળીયા સંગે સર્વ અભંગે સ્નેહી સંગે.
પ્રભુ લીલા દુર્લીલા જય જય પ્રભુ ગતિ અતિ;

૬૪

છો રંગિલા રસે ભર્યા, ભ્રકુટીથી ભરમાવા શરમાવી લોભાવી;
મુજ દિયરને કીધા વશ—

આપ થકી અનુભવીએ સઘળું ભોગી ભ્રમર લલચાઇ આવે;
વાહ વાહ રે વાહ વાહ,
હઠો હઠો છોડો છોડો આમતે શું કરો—રંગિલા.

૬૫.

પ્રીય છો રે મુજ દિલ સુખકારી, વિર દિયર રસિયા;
ભવ્ય પણે ભુતલ કંપાવ્યું, પ્રસન થઇ આવાર.
કંઇ જાચ્યો, મન રાચ્યો, બોલ સાચ્યો, નથી કાચ્યો;
ગુણિયલ છો વિરા હર્ષ વધ્યો આજે.
છો માતા અતિ સુખકર મહિલા મનહર મુજ ભાભી;
પ્રેમ પુત્ર સમ મુજપર રાખો, સદા કરો નિજ દાસ.
એ જાચું મન રાચું અતિ નાચું. કહું સાચું;
મુજ બંધવ અહ સુખ દેખી થાઉં રાજી.
જનક સુતા લક્ષ્મણ સમ, ભક્તિ તમે બતાવી આજ.
ધન્ય તમને સુખ અમને અધીક ગમે હૃદય રમે;
અનહદ આ મુદથી, હૃદય કમલ વિકસે.

૬૬

ઓલો શૈલને સુંદર શણગારીએરે, મંગળ મંડનથી બાળા મગળકાર;
કેશ સમારી કામની કરો કાંત કમનીય.
મુઠી સેંથો સુંદરી, રસિક રચો રમણીય.
કરી તીલક તરૂણીને દિપાવીએરે, કંઠ કુસુમના મનોહર હાર;
આજે સદ્ગુણી શૈલ આ કર્ણ શરણમાં જાય,

હરણ કરી મન સર્વનાં, ધરણુ વિષે વખણાય.
રાજબાળા રાજ તેજને દિપાવતીરે, સતિના સમાજ માંહી સુખકર.રે.

૬૭.

ચાલોનેરે હળી મળી સહુકો આનંદરે, ચાલોનેરે શૈલના લગ્ન પ્રસંગેરે.
મહાલોનેરે વિધ વિધ પેરે ઉમંગેરે, ચાલો શૈલ લાયક વર હો રાજ;
દેખ્યો મેવાડ પતિ હો રાજ.
બેન શૈલ સંભાળજો, માંડળ ગાંઠ છુટશે નહીંતો પાણી જસે;
ગાંઠ સજ્જડ બંધાઇ હોય તે નાજ છુટે એમાં શી નવાઇ.
એ છોને કહેતી હુંતો તમારી પાસેજ છું મારા દિયરજી છોડશેને
તમારાથી શું નહી છુટે, બહુ સારૂ આમ મશ્કરી શું કરતાં હશો.
હવે બઇરે પરણાવી તેને સુખીયા થઇયેરે;
એવા એવા લહાવાઓ નીત નીત લઇયેરે.

૬૮

સાચો વિભુ જાણું એક, નિભાવી મારી ટેક.
દુઃખથી બચાવી છેક, સુખ ઘડી આપીને;
ચાહે પલમાં લુંટીલે સહુ, ચાહે પલમાં આપીદે સહુ
એ ગતિ તુજ છે અકળ, સબલ સતા થાપી તે;
આધાર જે રાખી રહે, સંભાલ તું તેની લહે,
મોરારી બલીહારી ઉપકારી, તારો છું ભકત ભીડ કાપી તે;

૬૯

ધીરીથા ધીરીથા, વહાલીરે તું ધીરી ધીરી.
હવે હવે જાવા ઘો મને, નાનાના તે કદી નહી બને,
લલચાયા લોભાયા ભરમાયા, એમ કે અરે વાહ વાહ.

એરે અહી બનવા, જેવું મારૂં છે તેવું
માનુંહું એવું છતાં, તે સહેવું ના ના, ધીરીથા.

૭૦

રૂડા દીસે છે રાજ મહેલ, મંગળ મંડપ આજે રચ્યો.
મંગળ ગીત ગવાયરે, મંગળ મંડપ આજે;
ચંદન ચર્ચીત અંગ, વિભુષીત નવ રંગીત નર નાર.
મનહર, રંગ રચ્યો છે,
કનક વિભુશીત કામની કંઠે ગાન કરે અતિ મધુર સ્વછંદે.
અંગ ઉમંગન માય સુખકર રંગ રચ્યો છે.

૭૧.

જય જય જય જય વિભુવરા,
કર્યાં સહુ સુખીયાં ઘટે જેવું આપી દુઃખ હર્યાં મુકત કર્યાં;
પ્રભુ પતિ આ મેવાડનો સદ ભાગી કહાવે.
દુઃખ સમય મહીં ધીર ધરીને.
રહ્યા એ પ્યાર સત્ સુકૃત કરીને, જગ આવ્યો વારો રેવા ઠરીને;
મતિ ગતિ કૃતીથી નકળાય, શ્રી વરા સુખ કરા, ઇશ્વરા.

સમાપ્ત.